## જન્મદિને વધામણી


નિકીતાબેન શાહ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ


વ્યોમ અમીન
સ્થાપક, સ્કાય ગૃપ
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦


શ્રવણકુમાર પરમાર
ગાયક કલાકાર
મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩



ખ્વાહિશ કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦

# એસ કે પટેલ સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો. જેમાં બાળકોએ મશાલ જલાવીને સ્પોર્ટસ ડેનો શુભારંભ કર્યો હતો. જેમાં એસ.જી. સ્કૂલના સ્પોર્ટસ શિક્ષક ચંદ્રેશભાઈએ સેવા આપી હતી. બાળકોને નવી નવી ગેમ જેવી કે બુક બેલેન્સીંગ, પેક ધ બેગ, હર્ડલ્સ, દોડ, કોન, બેકવર્ડ જેવી રમાડીને આ સ્પોર્ટસ ડે ઉજવાયો હતો. સ્પોર્ટસ ડે માં બાળકોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં જજિસ તરીકે એસ.વી. પ્રિ સ્કૂલના શિક્ષક સંજુ પટેલ અને કુંતલ શુક્લાએ હાજરી આપી હતી.

## એસ વી પ્રી-સ્કૂલનાં શિક્ષકો અંગ્રેજીના વર્કશોપમાં જોડાયાં



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પ્રી-સ્કૂલના બે શિક્ષકો આરતી હાથી અને કુંતલ શુકલએ રત્નસાગર પ્રા. લી. દ્વારા આયોજિત EELT [EFFECTIVE ENGLISH LANGUAGE TEACHING] વર્કશોપમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. આ વર્કશોપમાં બાળકો સાથે ઈંગ્લિશ ભાષામાં સરળ રીતે વાતચીત કરવાની ટ્રેનિંગ અત્યંત રસપ્રદ શૈલીમાં આપવામાં આવી હતી. શિક્ષકોને વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી.

## જીઆઈપીએસમાં ફ્રૂટ ડેની ઉજવણી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા તાજેતરમાં 'ફ્રૂટ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકોને વિવિધ ફળો વિષે જાણકારી આપવામાં આવી હતી. ફળો ખાવાથી થતા ફાયદા તેમજ રોજ એક ફળ ખાવુ જોઈએ તે બાળકોને સમજાવવામાં આવ્યું હતું અને બાળકોને ફ્રૂટ ડીશ પણ ખવડાવવામાં આવી હતી. ઉપરાંત ફળોનાં ચિત્રોમાં રંગો પૂરવાનો કાર્યક્રમ પણ બાળકો માટે યોજવામાં આવ્યો હતો.

'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

## "પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ" વિષયે ૮૬મું પ્રવચન શનિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

આજે દુનિયામાં વિવિધ અભ્યાસ દ્વારા યુવાવર્ગમાંથી હજારો ડૉકટર, એન્જિનિયર, વકીલ, એકાઉન્ટન્ટ વગેરે મળે છે પરંતુ સારા માણસો બહુ ઓછા મળે છે. સારા માણસોમાં પણ અહંભાવશૂન્ય, આસક્તિરહિત કર્મ કરનાર, સ્થિતપ્રજ્ઞ મળવા અતિદુર્લભ છે. ભગવાન સ્વામિનારાયણ આવા મહાપુરુષો માટે સાધુ શબ્દ વાપરીને કહે છે કે સાધુ થકી બીજી કોઈ મોટી પદવી નથી. આવી અસામાન્ય સાધુતાના ઉત્તુંગ શિખર પર અત્યારે વિરાજમાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજમાં નખશિખ સાધુતા વિલસે છે. તેમના નિત્યજીવનમાંથી સહેજે પ્રગટતા સરળતા, નિર્દંભપણું, પરાભક્તિ આદિ સદ્ગુણો સૌને આશ્ચર્યચકિત કરે છે.

પરમાત્મા સાથેની અખંડ તન્મયતા એ તેઓશ્રીની આગવી અસાધારણ વિશેષતા છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી પ્ર. બ્ર. મહંતસ્વામી મહારાજ ૮૫ વર્ષની જૈફ ઉંમરે પણ લોકહિત, સંસ્કાર સિંચન અને આધ્યાત્મિક પ્રેરણાઓ આપવા સ્વાસ્થ્યની પરવા કર્યા સિવાય ઉપનિષદ્ કથિત પરિવ્રાજકની જેમ આખી દુનિયામાં વિચરણ કરી રહ્યા છે.

આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના જીવન અને કાર્યોના પરિચય માટે આર્ષ શોધસંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા આર્ષ પ્રવચનમાળા અંતર્ગત તા.૨૨/૧૨/૨૦૧૮ને શનિવારે સાંજે ૦૪-૩૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે "પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ" વિષય પર પ્રવચનનું આયોજન થયેલ છે. જેમાં બી.એ.પી.એસ. અક્ષરધામ, ગાંધીનગરના મહંતશ્રી, સંત પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી પ્રવચનનો લાભ આપશે.

## એસજી - એસવી પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ સુપર માર્કેટની મુલાકાતે



એસ .જી., એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલનાં ધોરણ -૨ માં અભ્યાસ કરતા ૩૬૦ વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં કાર્યરત રિલાયન્સ અને વિશાલ સુપર માર્કેટની મુલાકાત લીધી હતી. બાળકો સાથે શાળાના વિદ્યાર્થીઓ મુલાકાત લીધી હતી.

# શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાયા




શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૭ અને ૮ના ૫૦ વિદ્યાર્થીઓએ ૧૪-૧૫ ડિસેમ્બર દરમિયાન ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. વન વિભાગના કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ - પ્રશ્નોત્તરી, ક્વિઝ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ઔષધિય વનસ્પતિઓની ઓળખકરાવી જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ કરાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીને સમગ્ર પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમિયાન વિવિધ પ્રાકૃતિક મૂલ્યોની વિશેષ માહિતી સાથે આનંદસહ જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળી હતી. આ સફળ શિબિર બદલ આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા શનિવારે ટાઉન હૉલમાં ડાયરો





ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા તા. ૨૨ ડિસેમ્બર ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધીનગર ટાઉન હોલ, સેકટર-૧૭ ખાતે જાજરમાન લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

લોક સાહિત્યના ઘૂઘવતા સાગરના લોક ગાયક અભેસિંહભાઈ રાઠોડ અને ગાયિકા દમયંતીબેન બરડાઈ, રાધાબેન વ્યાસ અને લોક સાહિત્યના મર્મી એવા ગોપાલ બારોટ દ્વારા લોક ડાયરાને પોતાના અંદાજમાં રસથાળ પીરસશે. તો સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સભ્યોને તેમજ ગાંધીનગરની જનતાને આ ભવ્ય લોકડાયરો માણવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

વ્યવસ્થાના ભાગરૂપે જાહેર જનતાએ સંગીત નાટક અકાદમી કચેરી ખાતે પાસ મેળવી લેવા ખાસ વિનંતી કરવામાં આવી છે.

## ગુરુકુળના વિદ્યાર્થીઓ ફિલાટેલી વર્કશોપમાં



તાજેતરમાં ગુરૂકુળ વિઘયાલયના ધોરણ ૯ અને ૧૦ના ૧૨૫ જેટલાં બાળકોએ પોસ્ટલ વિભાગ દ્વારા આયોજિત ફિલાટેલી વર્કશોપમાં ભાગ લીધો હતો. ૫૫ વર્ષ થી ફિલાટેલિક શોખ ધરાવતા તત્કાલ નિવૃત માહિતી વિભાગના ચીફ ફોટોગ્રાફર કાંતિલાલ શર્મા દ્વારા નિષ્ણાત તરીકે સેવા આપવામાં આવી હતી."King of Hobby" વિષય પર ફિલાટેલિક તમામ માહિતીથી વિદ્યાયાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમ નું સંચાલન દિપકભાઈ ગોરે કર્યું હતું. ગાંધીનગર જિલ્લાના હેડ પોસ્ટ સુપ્રીડેન્ટ સીસોદીયા, ડે. સુપ્રીડેન્ટ વ્યાસ, નટવરભાઈ ગોલ અને દિપકભાઈ ગોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ પોસ્ટ ઓફિસ દ્વારા ફિલાટેલિક સુવિધાઓ અને આવનારી સેવાઓ વિષે બાળકોને વિસ્તૃત જાણકારી આપી હતી. બાળકોને પેન અને સૌને પોતાનું પસંદગીનું ચિત્રકામ કરવા કાગળ આપવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ ચિત્રા માટે ઈનામની પણ જાહેરાત કરવામાં આવી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૯મો મણકો ॥

આમ ને આમ એકલા ચલોની યાત્રા ચાલતી હતી. મનુબહેનની ડાયરી, 'આજે જરા નવાઈ થઈ. બાપુ ઊભા હતા અને મેં જોયું કે બાપુને બગાસું આવે છે.'

આ નવાઈની વાત કેમ ? મેં ગાંધીજી સાથે દસ વર્ષ ગાળ્યાં છે અને એમાં એવો એકેય પ્રસંગ નથી બન્યો કે મેં ગાંધીજીને બગાસું ખાતાં જોયા હોય.

સુશીલાબેનને પૂછ્યું. બમણાં વર્ષે ગાળેલાં. બાપુને બગાસું ખાતાં જોયાં છે ? એમડી થયેલાં તે અંગ્રેજી વાપરવાનો શોખ ખરો, મને તે બૉબ કહેતાં. બૉબ, ઈટ્સ અ ગૂડ ક્વેશ્ચન. મનેય યાદ આવતું નથી કે બાપુને મેં બગાસું ખાતાં જોયા હોય.



એટલે પેલી મનુ લખે છે કે બાપુને બગાસું ? બેચાર વાર બગાસાં. એટલામાં માથું હલ્યું, નિર્મળબાબુ દોડો દોડો. બંને જણાએ બાપુને પથારીમાં સૂવડાવ્યા. જરાક વારમાં તો મૂર્છામાંથી નીકળી આવ્યા. પણ એ જરાક વારમાં મનુબેનના હૈયામાં તો આખું મોટું મંથન થઈ ગયું. તું સાથે હતી ને શું કર્યું ? એટલે એણે તરત જ જઈને ચિઠ્ઠી લખી, સુશીલાબેનને ખબર આપો. સુશીલાબેનને જલદી બોલાવો. બાપુને આવ્યું ભાન, પહેલો પ્રશ્ન એમ પૂછ્યો, મનુ તેં સુશીલાને તો નથી બોલાવીને ?

એટલે બિચારી મનુ દોડી ગઈ, પેલાને રોકીને ચિઠ્ઠી ફાડી. હાશ ! તુંય બચી ને હુંય બચ્યો. હું તને વઢત અને રામનામની શ્રદ્ધામાંથી ન ડગ્યો, તેથી હુંય બચ્યો.

150 ગાંધીયાત્રા

આવી રામનામની શ્રદ્ધા લઈને એ ચાલી રહ્યા હતા.

ગાંધીજી વિશે ચાલનારી ઘણી ગેરસમજૂતીઓમાં એક એ કે, મુસલમાનોનો જ બહુ સાથ લીધો અને હિન્દુઓને બહુ જોયા નહીં. નોઆખલીમાં કોને જોવા ગયા હતા ? જરા જુઓ તો ખરા. અને એમને ત્યાં વારંવાર કહેવામાં આવતું હતું કે તમે બિહાર જાઓ, ત્યાં મુસલમાનોને મારે છે. તેમણે કહ્યું હતું કે હું અહીં શાંતિ સ્થાપવા આવ્યો છું અને એ કરી શકું તો અહીંથી બિહાર જાઉં, તો ત્યાં કંઈક આની અસર પડે. નહીંતર મારાથી જવાય નહીં.

વાયવ્ય સરહદ પ્રાંતમાં કોહાટમાં એ ને મૌલાના સાથે ગયા હતા. બંનેએ જુદા જુદા અભિપ્રાયો આપ્યા. ગાંધીજીએ ત્યાંની લઘુમતિ એટલે કે હિન્દુઓના પક્ષમાં અભિપ્રાય આપ્યો હતો જે તેમના સાથી તપાસપંચના સભ્યોના અભિપ્રાય કરતાં વિરુદ્ધનો હતો. ગાંધીજીએ જણાવ્યું હતું કે, હિન્દુઓનો પક્ષ સાચો છે અને એમની ફરિયાદ સાચી છે.

ગાંધીજીએ મુસલમાનોનો સાથ નહોતો આપ્યો, હિન્દુઓનો સાથ નહોતો આપ્યો. અંગ્રેજીમાં જેને અન્ડરડોક કહે છે એટલે કે જેમને પીડિત જોયા એનો સાથ આપ્યો છે. એ જો હિન્દુ હોય તો તેમણે હિન્દુને સાથ આપ્યો છે અને એ જો મુસલમાન હોય તો એમણે મુસલમાનને સાથ આપ્યો છે. એ છેલ્લા દિવસોમાં મુસ્લિમો વધુ પીડિત હતા, એટલે એમણે મુસ્લિમોને સાથ આપ્યો છે. વધારે પીડિતો મુસ્લિમો હતા એટલે પીડા દેનારા કોણ હતા ? એનું અનુમાન આપણે કરી શકીએ છીએ.

પણ ગાંધી એ અન્ડરડોકનો વિચાર કરીને સાથે રહેનારો માણસ.

તેથી બિહારના લોકોએ માગણી કરી કે તમે આવો ત્યારે તે બિહાર ગયા. એટલું જ થયું, રોલ રિવર્સ થયા. જે નોઆખલીમાં થયું તે જ બિહારમાં થયું. ફરક એટલો જ પડ્યો કે નોઆખલીમાં બે જિલ્લામાં જે થયું હતું તે બિહારમાં છ જિલ્લાઓમાં થયું હતું એટલે અહીં થોડા વધારે લોકો મર્યા હતા. મારનાર ને મરનાર બદલાયા. રિવર્સ રોલ. પણ ક્રૂરતાઓ લગભગ એકસરખી, નીચતાઓ એકસરખી. હેવાનિયત બંને ઠેકાણે સમાન. ઈન્સાનિયત બંને ઠેકાણેથી નિચોવાઈ ગયેલી. બંને સરખું. પણ ગાંધીજીને તો ઈન્સાનિયત સાથે મતલબ હતો. પોતાના તપ દ્વારા, પ્રેમ દ્વારા, સેવા દ્વારા એ કરવા નીકળતા હતા. મુખ્ય ભણાવતા હતા તો એ જ કે અભય રાખો. અભયની એક વ્યાખ્યા તેમણે કરી હતી. આ વ્યાખ્યા એમની પોતાની નહીં, આપણી સંસ્કૃતિમાંથી લીધેલી વ્યાખ્યા. જ્ઞાનેશ્વર મહારાજે ૭૦૦ વર્ષ પહેલાં એ વ્યાખ્યા કરેલી છે કે અભય એટલે શું ?

દુનિયામાં કોઈથી ડરે નહીં અને દુનિયામાં કોઈ જેનાથી ડરે નહીં તે અભય. તમારાથી બીજો ડરે તો તમે ભય તો ઊભો કર્યો. વાતાવરણમાં અભય તો જ નિર્માણ થાય કે તમે કોઈનાથી બીવો નહીં અને કોઈપણ તમારાથી બીવે નહીં. ગાંધીજી આ અભયની પોઝીટીવ વ્યાખ્યા લઈને કામ કરતા હતા. બિહારથી ગાંધીજીને પાટનગર દિલ્હીનું તેડું આવ્યું. બેવાર દિલ્હી જવાનું થયું ને ઘણ વખત રોકાવાનું થયું. ત્યાં આ નાટકની કરુણાંતિકાના છેલ્લા અંકો ભજવાતા હતા. એમાં જુદા જુદા પાત્રોની જુદી જુદી ભૂમિકા હતી. મુસ્લિમ લીગની ભૂમિકા બહુ ચોખ્ખી હતી, ૧૯૪૦ના ઠરાવ પછી એણે નામ દઈને પાકિસ્તાનની માગણી કરવાની શરૂઆત કરી હતી. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ